સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું, ક્ષમા દૃષ્ટે જોજો, - તુજ ચરણમાં નાથજી ! ધરું

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૦ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૦, મંગળવાર; અ. આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૪૦૪ |
| અમદાવાદ | ૨૧૦ |
| ગાંધીનગર | ૩૧ |

# મહારાષ્ટ્રમાં રાજકીય નવાજૂનીના એંધાણ

**કોંગ્રેસ મહારાષ્ટ્રમાં શિવસેના સાથે છેડો ફાડે તેવી સંભાવના : રાઉત સાથેની મુલાકાત પર ફડણવીસે મોટું નિવેદન આપ્યું : શિવસેના નેતા સંજય રાઉત અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે રવિવારે મુંબઈની એક હોટલમાં મુલાકાત કરતા જ રાજકીય ગરમાવો આવી ગયો**



મુંબઈ, તા.૨૮

શિવસેના નેતા સંજય રાઉત અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે રવિવારે મુંબઈની એક હોટલમાં મુલાકાત કરતા જ રાજકીય ગરમાવો આવી ગયો છે. બંનેના મળ્યા બાદ લાગે છે કે મહારાષ્ટ્રમાં મહાગઠબંધન સરકાર વચ્ચે કલેહની સ્થિતિ પેદા થઈ છે. સંજય રાઉત અને દેવેન્દ્ર ફડણવીસની મુલાકાતે મહારાષ્ટ્રના રાજકારણમાં તમામ પ્રકારની અટકળોને જન્મ આપ્યો છે. બંને પક્ષના નેતા ગત વર્ષ ચૂંટણી બાદ પહેલીવાર મળ્યા છે. હોટલમાં બે કલાક સુધી મીટિંગ ચાલી. સૂત્રોના જણાવ્યાં મુજબ રાઉત-ફડણવીસ મુલાકાત અંગે કોંગ્રેસ અને એનસીપીમાં નારાજગી છે. આ બંને નેતાઓની મુલાકાત ઉપરાંત રવિવારે જ મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટ અને એનસીપી સુપ્રીમો શરદ પવાર તથા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વચ્ચે મુંબઈમાં એક બેઠક થઈ. રાઉત અને ફટડણવીસની મુલાકાતથી નારાજ કોંગ્રેસ અને એનસીપીના મોટા નેતાઓએ સીએમ ઉદ્ધવ ઠાકરેના અધિકૃત નિવાસસ્થાન વર્ષામાં લગભગ ૨ કલાક સુધી બેઠક કરી. જો કે હજુ એ સ્પષ્ટ નથી કે બંને નેતાઓ વચ્ચે આ બેઠક કયા કારણસર થઈ અને તેમની વચ્ચે શું વાત થઈ. આ મુલાકાતોથી મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. નોંધનીય છે કે ગ વર્ષ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી બાદ મુખ્યમંત્રી મુદ્દે શિવસેના અને ભાજપ વચ્ચે ખટરાગ પેદા થયો

● અનુસંધાન પાન-૭ પર

# ભારત હજુ હર્ડ ઈમ્યુનિટીથી ઘણું દૂર

**હર્ડ ઈમ્યૂનિટી પર સ્વાસ્થ્ય મંત્રીની સ્પષ્ટતા : કોવિડ-૧૯થી સંક્રમિત થનારા લોકો પર આઈસીએમઆર ઝડપથી તપાસ-રિસર્ચ કરી રહી હોવાનો મંત્રીનો દાવો**

નવી દિલ્હી,તા.૨૮

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધનને કહ્યું કે આઈસીએમઆરના બીજા સીરો સર્વેમાં જોવા જાણવા મળ્યું છે કે ભારતની જનસંખ્યા હજી પણ કોવિડ-૧૯ સામે હર્ડ ઈમ્યુનિટી ડેવલોપ કરવાથી ખૂબ જ દૂર છે. આપણે બધાને કોવિડ સાથે સંકળાયેલી ગાઈડલાઈનનું પાલન કરતા રહેવું જોઈએ. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ પણ કહ્યું હતું કે કોવિડ-૧૯થી સંક્રમિત થનારા લોકો ઉપર આઈસીએમઆર ઝડપથી તપાસ અને રિસર્ચ કરી રહ્યા છે. જોકે, અત્યાર સુધી સામે આવેલા પુનઃસંક્રમણના મામલા ખૂબ જ ઓછા છે. પરંતુ સરકાર મામલા અંગે પુરું મહત્વ આપી રહી છે.

કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રેમડેસિવીર અને પ્લાઝ્મા થેરાપીને પ્રોત્સાહન આપવું ન જોઈએ. સરકારે તેને તર્કસંગત ઉપયોગ સંબંધમાં નિયમિત સલાહ જાહેર કરી છે. દેશમાં ગત ૨૪ કલાકમાં કોવિડ-૧૯થી ૯૨,૦૪૩ દર્દીઓ સાજા થવાની સાથે જ ભારતમાં આ મહામારીને માત આપનાર સંખ્યા ૫૦ લાખની નજીક પહોંચી ગઈ છે.

# અનલોક-૫માં થિયેટર્સ, હોલ અને ટૂરિઝમને મંજૂરીની શક્યતા

**પહેલી ઓક્ટોબરથી સરકાર વધુ કેટલીક વસ્તુઓમાં છૂટછાટ શક્ય, નાના બાળકોની શાળાને મંજૂરીની શક્યતા નહિવત, અન્ય છૂટછાટ પણ મળી શકે**

નવી દિલ્હી,તા.૨૮

અનલોક-૪ ભારતમાં સમાપ્ત થવાના આરે છે. પહેલી સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી, અનલોક-૪ હેઠળ ઘણી ચીજોને મુક્તિ આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારે મેટ્રો સેવાઓ શરૂ કરવા, ૯ થી ૧૨ વર્ગની આંશિક ધોરણે શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. અનલોક -૫ પહેલી ઓક્ટોબરથી શરૂ થશે. આ માટે માર્ગદર્શિકા તૈયાર કરવાનું કામ અંતિમ તબક્કામાં છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા અઠવાડિયે કોરોના વાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત સાત રાજ્યો / કેન્દ્રશાસિત કેન્દ્રોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરી હતી. મોદી ઈચ્છે છે કે રાજ્યો 'માઈક્રો-કન્ટેન્ટ' ઝોન પર કામ કરે. ઉત્સવની મોસમ પણ શરૂ થવા જઈ રહી છે, તેવા સંજોગોમાં કેન્દ્ર સરકાર અનલોક -૫ હેઠળ વધુ છૂટ આપી શકે છે.



ગૃહ મંત્રાલયે અનલોક હેઠળ તબક્કાવાર રીતે મોલ, સલૂન, રેસ્ટોરાં અને જીમ જેવા જાહેર સ્થળો ખોલવાની મંજૂરી આપી છે. કંપનીઓની ઓફિસો પણ ખુલી છે, પરંતુ સામાજિક તકલીફ વાળા અને અન્ય સાવચેતીઓનું પાલન કરવું મહત્વપૂર્ણ છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૩૩૭૧૬૪૧ | ૧૦૦૩૩૩૬ | ૨૯૫૫૯૦૩૧ |
| ભારત | ૬૦૯૮૬૩૪ | ૯૫૮૨૬ | ૫૦૩૯૭૧૩ |
| ગુજરાત | ૧૩૪૬૨૩ | ૩૪૩૧ | ૧૧૪૫૭૬ |
| ગાંધીનગર | ૩૫૭૫ | ૨૦૧ | ૨૯૧૬ |

# દેશમાં કોરોનાના કેસ ૬૦ લાખને પાર

**૨૪ કલાકમાં નવા ૮૨,૧૭૦ કેસ : એક્ટિવ કેસ ૯.૬૨ લાખ : અમેરિકામાં ૩૫૦૦૦ તો ભારતમાં દરરોજ ૮૦ હજાર કેસ**

ન્યુ દિલ્હી,તા.૨૮

દેશમાં કોરોનાના દર્દીઓના આંકડા ઝડપથી વધી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓના આંકડો ૬૦ લાખને પાર થઈ ગયો છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૨૧૭૦ નવા કેસ સામે આવ્યા, જ્યારે ૧૦૩૯ લોકોનું આ સંક્રમણથી મોત થયું. જો આ જ રફતાર રહી તો ભારત ટૂંક સમયમાં જ અમેરિકાને પાછળ છોડી દેશે.

વાત એમ છે કે દેશમાં હવે કોરોનાના દર્દીઓનો આંકડો ૬૦,૭૪,૭૦૩ થઈ ગયો. તેમાંથી એક્ટિવ દર્દી ૯૬૨૬૪૦ છે. ૫૦,૧૬,૫૨૧ દર્દી સ્વસ્થ થઈ ચૂકયા છે. કોરોનાથી અત્યાર સુધીમાં દેશમાં ૯૫૫૪૨ લોકોના મોત થઈ ચૂકયા છે. તો અમેરિકામાં અત્યાર સુધીમાં ૭૩ લાખથી વધુ કેસ સામે આવી ચૂકયા છે અને ૨ લાખથી વધુ લોકોના મો થઈ ચૂકયા છે. ૪૫ લાખથી વધુ દર્દી સાજા થઈ ચૂકયા છે.

૧ સપ્ટેમ્બર સુધી અમેરિકામાં ૬૧ લાખ કોરોના કેસ હતા જ્યારે ભારતમાં ૩૮ લાખની નજીક ૨૩ લાખનું અંતર હતું. ૨૬ સપ્ટેમ્બર સુધીમાં અંતર ઘટીને માત્ર ૧૩ લાખ રહ્યું. ભારતમાં દરરોજ ૮૦૦૦૦થી વધુ કેસ સામે આવી ચૂકયા છે. જ્યારે અમેરિકામાં દરરોજ અંદાજે ૩૫૦૦૦ કેસ સામે આવી રહ્યા છે.

ભારત માટે સારી વાત એ છે કે અહીં કોરોનાથી સાજા થનારનો આંકડો ૫૦ લાખને પાર કરી ગયો છે. એટલે કે કોરોનાથી રિકવરી રેટ ૮૦ ટકાથી વધુ છે. તો અમેરિકામાં અત્યાર સુધી ૭૩ લાખમાંથી ૪૫ લાખ લોકો સાજા થયા છે. એટલે કે અમેરિકાની તુલનામાં ભારતનો રિકવરી રેટ ઘણો સારો છે.

## છેલ્લે... છેલ્લે...

- ગુજરાત કેડરના ૩૦મીએ નિવૃત્ત થઈ રહેલ કેન્દ્રના ફાર્માસ્યુટીકલ સચિવ પી. ડી. વાઘેલા ટેલીફોન રેગ્યુલારેટી ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ચેરમેન પદે નિમાયા.
- આજે મધ્યપ્રદેશની ૨૮ બેઠકોની પેટાચૂંટણીની તારીખ જાહેર થશે.
- બોલીવુડના પ્રોડ્યુસર ડિરેક્ટર કરણ જોહર સહિત સાત મોટી હસ્તીઓને એનસીબી ૨-૩ દિવસમાં સમન્સ પાઠવશે.
- યુપીએસસીની સીવીલ સર્વિસની પ્રિલીમ પરીક્ષા ૪થી આરંભાશે.
- રિઝર્વ બેન્કની નાણાંકીય નિતી વિષયક કમિટી હવે ૧લીએ મળશે.
- રાધનપુરના કોંગ્રેસી ધારાસભ્ય ગોવાભાઈ રબારી કોરોનાથી સંક્રમિત

# નાક માર્ગે કોરોના વાયરસની રસી આપવામાં આવી શકે છે

**નેઝલ વેક્સિન પર પણ રિસર્ચ કરવામાં આવી રહ્યું છે : ઉંદરોને નાક દ્વારા વેક્સિન આપવામાં આવી હતી, પરંતુ તેમના ફેફસા ઉપર તેની કોઈ આડ અસર થઈ નહતી**

નવી દિલ્હી,તા.૨૮

કોરોના વાયસના કેસ અટકવાનું નામ નથી લઈ રહ્યા, આવામાં કોરોના રસીની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. અલગ-અલગ દેશોમાં ૩૦૦ કરતા વધારે વેક્સીન ડેવલપ કરવામાં આવી રહી છે. જેમાંથી મોટાભાગની વેક્સીન ઈન્જેક્શન દ્વારા શરીરમાં દાખલ કરવા માટે તૈયાર કરવા પર રિસર્ચ ચાલી રહ્યા છે. જોકે, કેટલીક વેક્સીન એ રીતે વિક્સિત કરવાની કોશિશ કરાઈ રહી છે કે જે શરીરમાંના દ્વારા પહોંચાડવામાં આવે. જેને નેઝલ કે ઈન્ટ્રાનેઝલ વેક્સીન કહેવાય છે. કોરોના વાયરસ નાક દ્વારા એન્ટ્રી કરે છે. વૈજ્ઞાનિકોનો તર્ક છે કે જે ટિશ્યુથી પેથોજેનનો સામનો થશે, એ જ ટિશ્યુઝમાં ઈમ્યુન રેસ્પોન્સ ટ્રિગર કરવાથી અસરદાર સાબિત થઈ શકે છે. બીજો તર્ક જે નેઝલ સ્પ્રેના પક્ષમાં રજૂ કર્યો છે તેનું કારણ ઈન્જેક્શનથી મોટાભાગના લોકોને ડર લાગવાનું રજૂ કરાયું છે. સાથે જ આ રીતે વેક્સીનને મોટા પ્રમાણમાં પ્રોડ્યુસ કરવી

● અનુસંધાન પાન-૭ પર

# સમુદ્રમાં ચીનની સૈન્ય ચોકીઓ પર અમેરિકાએ વાંધો ઊઠાવ્યો

**આ પ્રકારે દક્ષિણ ચીન સમુદ્રમાં સૈન્ય જમાવડો કરીને ડ્રેગન અન્યોને ધમકાવતું રહેતું હોવાનો અમેરિકાનો દાવો**

વૉશિંગ્ટન,તા.૨૮

અમેરિકાએ દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની સૈન્ય ચોકીઓ પર સખત વાંધો ઉઠાવ્યો છે. યુ.એસ.એ કહ્યું હતું કે ચીન તે જગ્યાઓ પર દાદાગીરી કરવા અને પાણી પર કબજો કરવા માટે આ પોસ્ટ્સનો ઉપયોગ કરી રહ્યું છે. તેને દરિયામાં કૃત્રિમ ટાપુઓ પર બાંધવામાં આવેલી લશ્કરી ચોકીઓ પર કાનૂની અધિકાર પણ નથી. યુ.એસ.એ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને દરિયાઈ ઝોનમાં આ બાંધકામોનો ઉપયોગ અન્ય કોઈ દેશને પ્રભાવિત કરવા અથવા હુમલો કરવા નહીં કરવાના પોતાના વચનને માન આપવા જણાવ્યું છે. લગભગ આખા દક્ષિણ ચાઈના

● અનુસંધાન પાન-૭ પર


**કમાવવાની ઉત્તમ તક**

ઘરે બેસી કોમ્પ્યુટર પર કામ કરીને આવક મેળવો.

ટ્રેનીંગ અને સપોર્ટ આપવામાં આવશે. ઈન્ટરનેટની જરૂર નથી. સંપર્ક કરો.

L-321, ત્રીજો માળ, સુપર મોલ, SBI બેન્કની ઉપર, ઈન્ફોસીટી, ઘ-૦ પાસે, ગાંધીનગર

Mo. 9081569362, 9328781215
9327088935, 9327088938, 6354394342




